# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **ગૃહ વપરાશ તેમજ દવાઓ સહિતની વિવિધ વસ્તુઓ પરના વસ્તુ સેવા કરના દર ઘટાડવાનો G.S.T. પરિષદનો નિર્ણય, નવા દર 22 સપ્ટેમ્બરથી અમલી.**
2. **તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત રાજ્યમાં એક મહિનામાં 26 કરોડથી વધુનો ગુમ થયેલો મુદ્દામાલ નાગરિકોને પોલીસે પરત કર્યો.**
3. **રાજ્યમાં 82 લાખ હેક્ટરમાં સિઝનનું 96 ટકા વાવેતર થયું.**
4. **આજે દક્ષિણ ગુજરાતના તાપી અને નર્મદા જિલ્લામાં વરસાદનું રેડ એલર્ટ જ્યારે સૌરાષ્ટ્રમાં યલો એલર્ટ.**
5. **વન્યજીવ પ્રત્યેની સંરક્ષણ અને સંવર્ધનની નીતિને પરિણામે રાજ્ય એશિયાઈ સિંહ, યાયાવર પક્ષીઓ સહિત અનેક અબોલ જીવ માટે સૌથી ‘સુરક્ષિત’ રહેઠાણ બન્યું.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SITHARAMAN GST REFORMS (PAGE 1)

વસ્તુ અને સેવા કર- GST પરિષદે સામાન્ય નાગરિક, શ્રમ પ્રધાન ઉદ્યોગો, ખેડૂતો અને કૃષિ, આરોગ્ય અને અર્થતંત્ર માટે GSTના દરમાં સુધારો કરી તેને તર્કસંગત બનાવવાને મંજૂરી આપી છે. ગઈકાલે નવી દિલ્હીમાં માધ્યમોને માહિતી આપતાં કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે કહ્યું, સામાન્ય નાગરિક અને મધ્યમ વર્ગના ઉપયોગની ચીજવસ્તુઓ પર GST દર 18 અને 12 ટકાથી ઘટાડીને પાંચ ટકા કરાયો છે.

તેમણે કહ્યું, GST પરિષદે વ્યક્તિગત જીવન વિમા પૉલિસીઓ અને ફૅમિલી ફ્લોટર તથા વરિષ્ઠ નાગરિકો માટે પૉલિસીઓ સહિત વ્યક્તિગત આરોગ્ય વિમા પૉલિસીઓ પર GSTમાંથી છૂટને મંજૂરી આપી છે. આ તમામ ફેરફાર આ મહિનાની 22 તારીખે નવરાત્રિના પહેલા દિવસથી લાગુ થશે.

સુશ્રી સીતારમણે કહ્યું, 33 જીવનરક્ષક દવાઓ અને ઔષધીઓ પર જીએસટી દર 12 ટકાથી ઘટાડીને શૂન્ય તથા કેન્સર અને દુર્લભ બિમારીઓ અને અન્ય ગંભીર બીમારીઓની સારવારમાં ઉપયોગમાં લેવાતી ત્રણ જીવનરક્ષક દવા પર જીએસટી પાંચ ટકા ઘટાડી શૂન્ય કરાયો છે.

નાણામંત્રીએ કહ્યું, વાળનું તેલ, સાબુની ટુકડીઓ, શેમ્પુય, ટૂથબ્રશ, ટૂથપૅસ્ટ, સાયકલ, રસોડાનો સામાન અને અન્ય ઘરેલું સામાન પર હવે માત્ર પાંચ ટકા GST લાગશે. જ્યારે તમામ ભારતીય બ્રેડ પર GST દર શૂન્ય રહેશે.

**(BYTE: NIRMALA SITHARAMAN)**

ઉપરાંત નમકીન, ભૂજિયા, સોસ, પાસ્તા, ઇન્સ્ટન્ટ નૂડલ્સ, ચૉકલેટ, કૉફી, કૉર્નફ્લેક્સ, માખણ અને ઘી જેવી ખાદ્ય વસ્તુઓ પર GST 12 કે 18 ટકાથી ઘટાડીને પાંચ ટકા કરાયો છે.

નાણામંત્રીએ કહ્યું, એસી, 32 ઇંચના મોટા ટીવી, ડિશ વૉશિંગ મશીન, નાની કાર અને બાઈક જેવી વસ્તુઓ પર GST દર 28 ટકાથી ઘટાડીને 18 ટકા કરાયો છે. આ નિર્ણયથી શ્રમ સઘન ઉદ્યોગો અને ખેડૂતો તથા ખેતી ક્ષેત્રને લાભ થશે. ખેતીના ઉપકરણો પર પણ GST 12 ટકાથી ઘટાડી પાંચ ટકા કરાયો છે.

---

## HARSH SANGHVI TERA TUJKO ARPAN

રાજ્યમાં છેલ્લા એક મહિનામાં 26 કરોડથી વધુનો મુદ્દામાલ નાગરિકોને પરત આપવાની કામગીરી થઈ હોવાનું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

અમદાવાદ શહેર પોલીસ દ્વારા આયોજીત 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અને "સાયબર સાથી- ચેટબોટનાં લોકાર્પણ કાર્યક્રમમાં બોલતા તેમણે કહ્યું કે કોઈપણ નાગરિકોનો મોબાઇલ ચોરી, ઘર-ફોડ ચોરી, સોના ચાંદીના દાગીના કે સાયબર ક્રાઇમ જેવી ઘટનાઓમાં અમદાવાદ શહેર પોલીસ ત્વરિત પગલાં લઈ નાગરિકોને ન્યાય અપાવે છે.

## બાઇટ- હર્ષ સંઘવી , ગૃહ રાજ્યમંત્રી

આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રીના હસ્તે અમદાવાદ શહેરમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા પોલીસ કર્મીઓનું સન્માન કરાયું હતું. વધુમાં વિવિધ ગુન્હાઓના ભોગ બનેલા નાગરિકોનો મુદ્દામાલ મંત્રીના હસ્તે પરત કરાયો હતો.

**સાયબર ચેટબોટ વિશેની વાત કરતાં મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આજે ગુજરાત પોલીસની સાયબર ક્રાઇમ ટીમ દ્વારા આધુનિક સોફ્ટવેર થકી અનેક ગુન્હાઓ ઉકેલી તેનું ઝડપથી નિરાકરણ લવાયું છે.**

---

# RUSHIKESH VAVETAR

ચોમાસાની સિઝનમાં કુલ 82 લાખ હેક્ટરમાં વાવેતર થયું છે. રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મુજબ જણાવ્યુ હતું. તેમણે ઉમેર્યું કે રાજ્યમાં સિઝનનું 96 ટકા વાવેતર થયું છે , જેમાં 13 લાખ 70 હજાર હેક્ટરમાં ધાન્ય પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે.

(બાઇટ : ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી)

---

# NIMUBEN BAMBHNIYA – DHOLERA SIR VISIT

**કેન્દ્રીય રાજ્યમંત્રી અને ભાવનગરના સાંસદ નિમુબેન બાંભણિયાએ રાજ્યના મહત્વાકાંક્ષી ધોલેરા ખાસ રોકાણ ક્ષેત્ર -SIRની મુલાકાત લીધી.**

**મુલાકાત દરમિયાન, શ્રીમતી બાંભણિયાએ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સક્ષમ માર્ગદર્શન હેઠળ, ધોલેરા SIR જેવા પ્રોજેક્ટ્સ માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશના વિકાસનું પ્રતીક બની રહ્યા છે.**

**તેમણે જણાવ્યું કે ધોલેરા SIR ના વિકાસથી ગુજરાતની ઔદ્યોગિક શક્તિ વધુ મજબૂત બનશે અને સ્થાનિક યુવાનો માટે રોજગારીની તકોનું સર્જન પણ થશે. ઉલ્લેખનીય છે કે ધોલેરા SIR એ ભારતનો પ્રથમ ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ છે.**

---

# UNIT TEST

રાજ્યમાં ધોરણ 9થી 12ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષ 2025-26થી દરેક વિષયની સત્ર દીઠ એકમ કસોટી ફરજિયાત રહેશે. આ કસોટી તમામ શાળામાં પોતાના સ્તર મુજબ 25 ગુણની રહેશે.

પ્રથમ સત્રની કસોટી 11થી 20 સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. બીજા સત્રમાં પરીક્ષા 22થી 31 ડિસેમ્બરે લેવાશે. શાળાએ પોતાનાં અનુકૂળ સમયપત્રક અનુસાર કસોટી યોજી શકશે. પ્રથમ સત્ર માટે 31 ઑગસ્ટ અને બીજા સત્ર માટે 15 ડિસેમ્બર સુધીનો અભ્યાસક્રમ ધ્યાનમાં રાખીને કસોટી લેવાશે.

જેના પરિણામની ઓનલાઇન ડેટા એન્ટ્રી અંગે સૂચના અપાશે. ઉપરોક્ત નિયમો હેઠળ રાજ્યની તમામ સ્કૂલોમાં ધો. 9થી 12ના વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે સત્રદીઠ એકમ કસોટી અમલમાં લાવવામાં આવશે.

---

# GOVERNOR – CHHOTAUDEPUR FARMER MEET

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ગઇકાલે છોટાઉદેપુરના ટીંબી ગામે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત સાથે મુલાકાત કરી.તેમણે ખેડૂત પ્રફુલ રાઠવાના ઘરે તેમના પરિવાર સાથે પ્રાકૃતિક ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

તેમણે પ્રગતિશીલ ખેડૂત પાસેથી પ્રાકૃતિક કૃષિ અંગે તેમના અનુભવ અને પ્રતિસાદ અંગે તલસ્પર્શી વિગતો જાણી તેમને માર્ગદર્શન આપ્યું હતું.રાજ્યપાલએ પ્રાકૃતિક ખેતીના પાંચ આયામ જીવામૃત, ઘનજીવામૃત, આચ્છાદન, બીજામૃત અને વાફસા વિશે જાણકારી આપી હતી.

---

# ADMIRL TRIPATHI VISIT

નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠી, નૌકાદળ સ્ટાફ, **C.N.S.**, એ ગઇકાલે ગુજરાતના લોથલ ખાતે નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સની મુલાકાત લીધી.

તેમણે આ મુલાકાતમાં **NMHC**નો વ્યાપક પ્રવાસ, મુખ્ય નૌકાદળ પ્રદર્શનો અને વારસાગત કલાકૃતિઓની મુલાકાત, બાંધકામ પ્રગતિની સમીક્ષા કરી , પ્રોજેક્ટ હિસ્સેદારો સાથે વાતચીત કરી અને વરુણ નૌકાદળ સંકુલની મુલાકાત લીધી હતી.

આ ઉપરાંત મોડી સાંજે તેમણે ગાંધીનગરમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્મયંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી.

---

# STATE RAIN

રાજયમાં ગઇકાલે સવારે **6** વાગ્યાથી આજે રાતે **2** વાગ્યા સુધીમાં **138** તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે. સૌથી વધુ નર્મદાનાં નાંદોદમાં **4** ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. ભરુચના ઝગડિયા, સુરતના ઉમરપાડા અને મહીસાગરના બાલાસિનોરમાં **3** ઇંચ વરસાદ નોંધાયો છે.

ગત રાતે અમદાવાદમા પણ પવન સાથે વરસાદ વરસ્યો હતો.

અરવલ્લીના મોડાસામાં મોડી સાંજે ધોધમાર વરસાદ વરસ્યો હતો.ભિલોડામાં મેશ્વો જળાશય ઓવર ફ્લો થયો છે. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે મેશ્વો જળાશયમાંથી હાલ **949** ક્યુસેક પાણી છોડાયું છે. મોડાસાના માજમ જળાશયનીમ ર પાણીની આવક નોંધાઈ છે.

**દરમ્યાન હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આજથી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. દક્ષિણ ગુજરાતના નર્મદા અને તાપી જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને લઈને રેડ એલર્ટ જ્યારે સૌરાષ્ટ્રમાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.**

**આગામી દિવસોમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક, રામાશ્રય યાદવે જણાવ્યું કે મોન્સૂન ટ્રફના કારણે વરસાદી માહોલ જામ્યો છે.આગામી દિવસોમાં ગુજરાતમાં વરસાદનું જોર વધશે.**

---

NATIONAL WILDLIFE DAY

આજે રાષ્ટ્રીય વન્યજીવ દિવસ છે. વન્યજીવ પ્રત્યે સંવેદના, તેના રહેઠાણ અંગે જાગૃતિ અને સંરક્ષણના હેતુ સાથે સમગ્ર દેશમાં દર વર્ષે 4થી  સપ્ટેમ્બરે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે રાજ્ય સરકાર વન્યજીવના સંરક્ષણ અને સંવર્ધન માટે જન ભાગીદારીથી અનેકવિધ નવતર અભિગમ અપનાવી રહી છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : હિના મોદી)

વન્યજીવ પ્રત્યેની રાજ્ય સરકારની નીતિને પરિણામે ગુજરાત એશિયાઈ સિંહ, યાયાવર પક્ષીઓ, ઘુડખર, ડોલ્ફિન, નીલગાય, શિયાળ, કાળીયાર, વરુ, રીંછ, જંગલી બિલાડી સહિત અનેક અબોલા જીવ માટે સૌથી ‘સુરક્ષિત’ રહેઠાણ બન્યું છે. રાજ્યમાં એશિયાઈ સિંહોની વસતિ વધીને 891 થઈ છે. દરમિયાન વર્ષે અંદાજે 18 થી 20 લાખ દેશ-વિદેશી પક્ષીઓ રાજ્યની મુલાકાતે આવી રહ્યા છે. રાજ્યના દરિયા કિનારે જોવા મળતી ‘ડોલ્ફિન’ પણ  પ્રવાસીઓનું મુખ્ય આકર્ષણ બની છે.છેલ્લી ગણતરી મુજબ

રાજ્યમાં 7 હજાર 672 ઘુડખર નોંધાયા છે. ચાલુ વર્ષે ઉત્તરાયણ પર્વ પર કરૂણા અભિયાન હેઠળ 15 હજારથી વધુ પક્ષીઓને બચાવી લેવાયા છે.

હિના મોદી આકાશવાણી સમાચાર અમદાવાદ

---

## ANGDAN

**અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વધુ એક અંગદાન સાથે કુલ અંગદાનનો આંક 211એ પહોંચ્યો છે. અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં રહેતા અને છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા અને બ્રેઇનડેડ થયેલા અનિલ વાઘેલાના પરિજનોએ અંગદાનનો નિર્ણય કરતાં એક લિવર અને બે કિડનીનું અંગદાન મળ્યુ છે. આ અંગદાન દ્વારા અત્યારસુધી કુલ 699 અંગોનું દાન મળ્યું છે.**

**અનિલ વાઘેલાના અંગદાન સાથે સિવિલ હોસ્પિટલમાં અત્યાર સુધી 186 લીવર, 386 કીડની, 17 સ્વાદુપિંડ, 68 હૃદય, 6 હાથ, 34 ફેફસાં, 2 નાનાં આંતરડાં, 144 ચક્ષુ તથા 23 ચામડીનું દાન મળ્યુ છે.**

---